“નયા પડકાર”

પાના નંબર : ૫, તા.૧૮/૦૪/૨૦૨૫, શુક્રવાર

## ટીસ્યુકલ્ચર ખારેકના ફળપાકના ફાલના (વર્ષ ૨૦૨૫) ઈજારાની જાહેરાત

વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ (ફોન : ૦૨૬૯૨- ૨૬૦૩૨૯) ની કચેરી ધ્વારા ટીસ્યુકલ્ચર ખારેકના ફળપાકના ફાલનો (વર્ષ ૨૦૨૫) ઈજારો, જે હાલતમાં છે તે હાલતમાં વેચાણ આપવા માટે, રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. આ અંગેની જરૂરી શરતો અને બોલીઓ દર્શાવતું **ટેન્ડર ફોર્મ** અત્રેની કચેરીમાંથી રૂ.૫૦૦=૦૦ (નોન-રીફંડેબલ) રોકડા ભરી મેળવી લેવું અથવા www.aau.in વેબસાઈટ પર થી ડાઉનલોડ કરી ટેન્ડર ફોર્મની ફી પેટે રૂ. ૫૦૦=૦૦ (નોન-રીફંડેબલ) નો **“એ.એ.યુ. ફંડ એકાઉન્ટ”** ના નામનો પેએબલ એટ આણંદનો ક્રોસ કરેલ ચેક/ ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મ **તા.૦૭.૦૫.૨૦૨૫** ના રોજ **૧૭.૦૦** કલાક સુધીમાં ફક્ત **રજીસ્ટર પોસ્ટ એ. ડી./ સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીએ મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે**. ટેન્ડરના કવર ઉપર **“ટીસ્યુકલ્ચર ખારેકના ફળપાકનું ભાવપત્રક”** દર્શાવવાનું રહેશે. સદર ભાવ મંજુર કરવા કે નહી તેની સંપુર્ણ સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે.

**સ્થળ : આણંદ** **સંશોધન વૈજ્ઞાનિક**

विभागीय संशोधन केन्द्र

**આણંદ કૃષિ યુનિવર્સિટી**

**આણંદ-૩૮૮ ૧૧૦**

# ટેન્ડર ફોર્મ

## “ટીસ્યુકલ્ચર ખારેકના ફળપાકના ફાલના ઈજારાનું ભાવપત્રક”

## વર્ષ : ૨૦૨૫

| | | |
|---|---|---|
| ભાવ ભરનારનું પુરૂ નામ | : | |
| પત્ર વ્યવહારનું પુરૂ સરનામું | : | |
| મોબાઈલ નંબર | : | |
| પાન કાર્ડ તથા આધાર કાર્ડ<br>(નકલ સામેલ કરવી) | : | |
| ટેન્ડર ફીની વિગત (નોન-રીફંડેબલ) | : | રૂપિયા ............................................ (રોકડા હોય તો)<br>રસીદ નં. ........................................ તા. / /૨૦૨૫ |
| | | રૂપિયા ............................................ (ચેક/ડી.ડી. હોય તો)<br>ચેક/ડીડી નં.................................... તા. / /૨૦૨૫<br>બેંકનું નામ : ................................................................ |
| **વિગત** | | **ભાવ રૂ.** |
| ટીસ્યુકલ્ચર ખારેકના મોટા અને નાના ઝાડના ફળપાકનો ફાલ, (વર્ષ ૨૦૨૫)<br>કુલ ઝાડ - ૧૫૫<br>(ફાલ ઉતારવાનો સમયગાળો જુલાઈ-૨૦૨૫ સુધી) | | રૂપિયા : ....................................................................<br>(અંકે રૂપિયા ...........................................................પુરા) |

**ભાવપત્રક ભર્યા તારીખ : / /૨૦૨૫**

**ભાવપત્રક ભરનારની સહી : ..........................**

**નામ : .......................................................**

# ટીસ્યુકલ્ચર ખારેકના ફળપાકના ફાલના વેચાણ માટે શરતો અને બોલીઓ

| | |
|---|---|
| ૧ | ટીસ્યુકલ્ચર ખારેકના ફળપાકના ફાલમાં આવેલ ફળના તમામ ભાવ સંયુકતપણે આપવાના રહેશે. |
| ૨ | **કચેરી સમય સવારના ૯.૦૦ થી ૧૨.૦૦ અને સાંજે ૨.૦૦ થી ૫.૦૦** કલાક દરમ્યાન અત્રેના ફાર્મમાં ખારેકનો ફાલ જોવા મળશે. |
| ૩ | આ અંગેના જરૂરી શરતો અને બોલીઓ દર્શાવતું **ટેન્ડર ફોર્મ** અત્રેની કચેરીમાંથી રૂ.૫૦૦=૦૦ (નોન-રીફંડેબલ) રોકડા ભરી મેળવી લેવું અથવા વેબસાઈટ www.aau.in ઉપર થી ડાઉનલોડ કરી **ટેન્ડર ફોર્મની ફી પેટે રૂ.૫૦૦=૦૦ (નોન- રીફંડેબલ)** નો **"એ.એ.યુ. ફંડ એકાઉન્ટ" ના નામનો પેએબલ એટ આણંદ**નો ક્રોસ કરેલ ચેક/ ડીમાન્ડ ડ્રાફ્ટ ભરેલ ટેન્ડર સાથે સામેલ કરવાનો રહેશે. **ટેન્ડર ફોર્મની ફી ભર્યા વગરનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.** |
| ૪ | ઈજારદારે પોતાના નામથી ભાવપત્રક ભરેલ ટેન્ડર ફોર્મ **તા.૦૭.૦૫.૨૦૨૫ ના રોજ ૧૭.૦૦** કલાક સુધીમાં અત્રેની કચેરીને મળી જાય તે રીતે ફક્ત **રજી. પોસ્ટ એ.ડી./ સ્પીડ પોસ્ટથી** મોકલી આપવા. સમય મર્યાદા બાદ આવેલ અથવા ટેન્ડર ફોર્મમાં ભાવ ભરનારની સહી વગરનું અથવા ભાવમાં ચેક-ચાક હશે તો તેવું ભાવપત્રક માન્ય રાખવામાં આવશે નહી. ભાવપત્રકના કવર ઉપર **"ટીસ્યુકલ્ચર ખારેકના ફળપાકનું ભાવપત્રક"** દર્શાવવાનું રહેશે. |
| ૫ | ટીસ્યુકલ્ચર ખારેકના ફળપાકના ભાવ મંજૂર થયેથી, જે તે ઈસમે અત્રેની કચેરી દ્વારા તુરંત જ જાણ કરવામાં આવશે. વધુમાં મંજૂર થયેલ ભાવની કુલ રકમના, નાણાં દિન-૦૭ માં અત્રેની કચેરીમાં ભર્યા પછી જ ઈજારો સોપવામાં આવશે તથા જે કોઈ ઈસમ જાણી જોઇને ટેન્ડરમાં ઉંચા ભાવ ભરી, પાછળથી સમય મર્યાદામાં મંજૂર થયેલ નાણાં, અત્રેની કચેરીમાં ભરપાઈ કરવામાં નહીં આવે, તો તેવા ઈસમને બ્લેક લીસ્ટમાં મૂકવામાં આવશે. વધુમાં મંજુર થયેલ પાર્ટીએ મંજુર થયેલ ભાવના ૫% લેખે સિક્યુરીટી ડીપોઝીટ અત્રેની કચેરી ખાતે તુરંત દિન-૨ માં જમા કરાવવાની રહેશે. ત્યારબાદ જ ફળ ઉતારવા માટે પરવાનગી આપવામાં આવશે. ઈજારો પૂર્ણ થયે સિક્યુરીટી ડીપોઝીટ પરત કરવામાં આવશે. |
| ૬ | નાણાં વસુલાત બાબતની, તમામ પ્રકારની સત્તા યુનિટ વડાશ્રી, વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદને આધિન રહેશે. |
| ૭ | ફાર્મમાં ટીસ્યુકલ્ચર ખારેકના ફળપાકનો ફાલ ઉતારી શકાશે. સૂકા ડાળખા કે અન્ય લાકડા તોડી શકાશે નહીં. ફળ ઉતારતા સમયે ખારેકના ઝાડ તેમજ ફાર્મમાં આવેલ અન્ય ઝાડ કે મિલકતને નુકશાન ન થવું જોઈએ, જો કચેરીના ફાર્મની અન્ય માલ-મિલ્કતને નુકશાન કરતા માલુમ પડશે તો યુનિટ વડાશ્રી, વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા નુકશાન પેટે જે રકમ નક્કી કરશે તે ભરપાઈ કરવાની રહેશે. જે ઈજારદારને સંપૂર્ણ બંધનકર્તા રહેશે. |
| ૮ | અત્રેની કચેરીમાં નાણાં ભર્યા બાદ ટીસ્યુકલ્ચર ખારેકના ફળપાકના ફાલનો હવાલો, ખારેકનો પાક પૂર્ણ થાય ત્યાં સુધી જ સંભાળવવાનો રહેશે. ખારેકના ફળપાકના ફાલને સાચવવાની જવાબદારી ઈજારદારની રહેશે. અત્રેની કચેરીની કોઈ જ જવાબદારી રહેશે નહીં. |
| ૯ | કોઈ પણ બાબતનો વાદ-વિવાદ કે ઝઘડો ઉપસ્થિત થાય તો તેનો આખરી નિર્ણય યુનિટ વડાશ્રી, વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ જે નક્કી કરશે તે ઈજારદારને બંધનકર્તા રહેશે. |

| | |
|---|---|
| ૧૦ | ઈજારદારે ખારેકના ફળપાક ફાલ પોતાના ખર્ચે અને જોખમે જાતે ઉતારવાના તેમજ પોતે જ વાડી અને ફળનું રક્ષણ કરવાનું રહેશે. ફાર્મમાં કોઈ પણ જગ્યાએ પ્લાસ્ટીક, કચરો તેમજ અન્ય ખાધ્ય કે પીવાના પદાર્થ નાખવું નહીં તેની ખાસ કાળજી રાખવી. |
| ૧૧ | **ઈજારદારે કામ માટે રોકેલ માણસોના નામની યાદી સરનામાં, મોબાઈલ નંબર, આધારકાર્ડની નકલ સાથે અત્રેની કચેરીને આપવાના રહેશે.** આ સિવાયના કોઈપણ અસામાજિક તત્વોને પ્રવેશ મળશે નહી વધુમાં કચેરીની મંજૂરી બાદ જ, ફળની વીણીના કાર્ય માટે જે તે માણસોને રોકી શકાશે. અન્યથા સિક્યુરીટી ડીપોઝીટ માંથી દંડ કપાત કરવામાં આવશે |
| ૧૨ | ખારેકના ફળને બિનઅધિકૃત રસાયણ (કાર્બાઈડ વિગેરે) દ્વારા પકવવાની સરકારી ધારાધોરણ મુજબ મનાઈ છે. ફાર્મ ખાતે અન્ય સ્થળથી કાર્બાઈડ અથવા અન્ય ખારેક લાવવી નહીં. જો માલુમ પડશે તો ઈજારદારનો ઈજારો તુરંત જ રદ કરવામાં આવશે. તથા સિક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે |
| ૧૩ | **ટીસ્યુકલ્ચર ખારેકના ફળપાકનો ફાલ જુલાઈ-૨૦૨૫ અંત સુધીમાં વીણવાના રહેશે.** ત્યાર બાદ ઈજારદારે કચેરીને જાણ કરી સ્થાન છોડવાનું રહેશે જેની ખાસ નોંધ લેવી. |
| ૧૪ | જો વિપરીત વાતાવરણ, વાવાઝોડા અને કુદરતી આફતને કારણે ફળપાકને નુકશાન થશે તો તેની કોઈપણ જાતની જવાબદારી અત્રેની કચેરીની કે યુનિવર્સીટીની રહેશે નહીં. |
| ૧૫ | ટીસ્યુકલ્ચર ખારેકના ફળપાકના ફાલના ભાવપત્રક મંજૂર કરવા કે ના કરવા તેની તમામ સત્તા યુનિટ વડાશ્રી, વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદને અબાધિત રહેશે. |
| ૧૬ | ઈજારદારે ખારેકના ફળનું વેચાણ, ફાર્મ અને કચેરી ખાતેના મુખ્ય ગેટની બહાર બેસીને કરવાનું રહેશે. |
| ૧૭ | રસ ધરાવતી પાર્ટીઓએ અત્રેના કેન્દ્રના ફાર્મ ખાતે ફાલ જોઈ તપાસીને ભાવ ભરવાના રહેશે. |
| ૧૮ | કરાર ભંગ લવાદી રાહે નિકાલ કરવાનો રહેશે. જેની જવાબદારી ભાવપત્રક ભરનાર ઇજારદારની રહેશે. |
| ૧૯ | સદર ફળ-પાક ઉતારતી વખતે ઇજારદારના મજુર કે અન્ય કોઈ વસ્તુને નુકશાન/ હાની થશે તો તેની સઘળી જવાબદારી ઇજારદારની રહેશે તથા સદર બાબતે અત્રેની કચેરી કે યુનિવર્સિટી જવાબદાર રહેશે નહી. |

ટીસ્યુકલ્ચર ખારેકના ફળપાકના ફાલના વેચાણના ઇજારા માટેની ઉપરોક્ત ૧ થી ૧૯ શરતો અને બોલીઓ, હું વાંચી અને સંપૂર્ણ સમજ્યો છું. ઉપરોક્ત શરતો અને બોલીઓ મને મંજુર છે અને સંપૂર્ણ બંધનકર્તા રહશે.

ભાવપત્રક ભરનારની સહી :......................

નામ :.....................................................

સરનામું :..................................................

:..................................................